# પ્રકરણ–૧૧ લિનક્ષના મૂળભૂત આદેશ ભાગ–૧

૧ લિનક્ષમાં ઉપયોગકર્તા લોગીન થયા પછી શેના ઉપયોગ દ્વારા ચાલક પદ્ધતિ સાથે વાર્તાલાપ કરી શકે છે. :– કમાન્ડ લાઈન ઈન્ટરફેસ (CLI) અને ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ (GUI)

૨ લિનક્ષમાં ગ્રાફિકલ ઈન્ટરફેસમાં કમાન્ડ લાઈન ખોલવા માટે કઈ વ્યવસ્થા છે ? :– ટર્મિનલ વિન્ડો

૩ ટર્મિનલ વિન્ડોમાં કયુ ચિન્હ કમાન્ડ પ્રોમ્પ્ટ તરીકે જોવા મળે છે. :– $ (Dollar)

૪ ટર્મિનલ વિન્ડોમાં યુઝરનેમ તરીકે root સાથે એડમિનિસ્ટ્રેટર તરીકે લોગીન થયા હોઈ એ તો કમાન્ડ પ્રોમ્પ્ટ તરીકે કયુ ચિન્હ પ્રદર્શિત કરશે. :– # (hash)

૫ ટર્મિનલ વિન્ડોમાં યુઝરનેમ તરીકે આપણું નામ આપી લોગીન થયા હોઈ એ તો કમાન્ડ પ્રોમ્પ્ટ તરીકે કયુ ચિન્હ પ્રદર્શિત થશે. :– $

૬ કમાન્ડ પ્રોમ્પ્ટ શું સુચવે છે. :– ઉપયોગકર્તા સાથે આદેશ સ્વરૂપે સંવાદ કરવા માટે ઈન્ટરફેસ તૈયાર છે.

૭ કમાન્ડ એ મૂળભુત રીતે શું છે. :– પ્રોગ્રામ

૮ શેલ શું છે. :– કમાન્ડ લાઈન ઈન્ટરફેસ તે ઉપયોગકર્તા માટેના પ્રોગ્રામ અથવા ઉપયોગકર્તા સાથે સંવાદ શકય બનાવવા પુરુ પાડવામાં આવતુ વાતાવરણ છે.

૯ આદેશની ભાષાનું અર્થઘટન કોણ કરે છે. :– શેલ

૧૦ લિનક્ષમાં પ્રચલિત શેલ કયા છે. :– બોર્ન શેલ (sh), c શેલ (csh), કોર્ન શેલ (ksh), bash shell

૧૧ કયો શેલ પહેલાનો યુનિક્ષ શેલ છે. :– બોર્નશેલ (sh)

૧૨ બોર્નશેલ બીજા કયા ટુંકા નામે ઓળખાય છે.:– sh

૧૩ કમાન્ડ લાઈન ઈન્ટરફેસ તરીકે કયો શેલ ઉપયોગમાં લેવાય છે. :–બોર્નશેલ

૧૪ કયો શેલ શેલસ્ક્રિપ્ટ પ્રોગ્રામ માટેની મૂળભૂત વ્યવસ્થા પ્રદાન કરે છે. :–બોર્નશેલ

૧૫ કયો શેલ સંપૂર્ણ પણે આદેશ આધારિત પ્રોગ્રમ લખાવની છુટ આપે છે. :–બોન" શેલ

૧૬ cshના ટુંકા નામે કયો શેલ ઓળખાય છે. :– C શેલ

૧૭ શેમાં C પ્રોગ્રામિંગ વાકયરચનાનો ઉપયોગ કરીને શેલ પીગ્રામ લખાવની છુટ આપે છે. :–csh

૧૮ csh શેલની નવી આવૃત્તિ કઈ છે. :– Tcsh

૧૯ csh ની મર્યાદાઓને પહોંચી વળવા માટે વધારાની શેલ સ્ક્રિપ્ટ પ્રોગ્રામિંગ લાક્ષણિકતાઓ કોણ પુરી પાડે છે. :– Tcsh

૨૦ કોર્ન શેલ કયા ટુંકા નામે ઓળખાય છે. :– ksh

૨૧ કોર્નશેલ કયા બે શેલની લાક્ષણિકતાઓના સમન્વય કરીને બનાવેલો છે. :– sh અને csh

૨૨ bash શેલ કયા શેલની નવી આવૃત્તિ મનાય છે. :– બોર્નશેલ

૨૩ કયો શેલ sh જેવી વાકયરચના અને વિધેય ધરાવે છે. :– bash શેલ

૨૪ bash આદેશનો સરળ અને વધુ ઉપયોગ કયાં થાય છે. :–ખાતાઓની ગોઠવણી અને શેલ સ્ક્રિપ્ટ પ્રોગ્રામિંગ માટે

૨૫ હાલના સમયમાં લિનક્ષ પદ્ધતિ પર કયો શેલ પ્રમાણભૂત મનાય છે. :– bash

૨૬ બધીજ ચાલક પદ્ધતિ પર કયો શેલ ઉપલબ્ધ હોય છે. :– bash

૨૭ અક્ષરોની બાબતમાં લિનક્ષ સંપૂર્ણપણે કેવુ છે. :– કેસ સેન્સેટિવ

૨૮ cat અને Cat લિનક્ષમાં બંને કેવા છે. :– સરખા નથી

૨૯ લિનક્ષ માં દરેક વખતે લોગઓન કરો ત્યારે જે શેલ મારફતે લોગઓન કરીએ તે શેલ કયો શેલ કહેવાય છે. :– પૂર્વનિર્ધારિત ( Default )

૩૦ લિનક્ષ ચાલક પદ્ધતિમાં જે ચલ કિમંત તરીકે વાતાવરણની ગોઠવણી ધરાવે છે તેને કયા નામે ઓળખવામાં આવે છે. :–એન્વાર્યમેનટ વેરિયેબલ

૩૧ કમ્પ્યુટરમાં ઉપલબ્ધ તમામ શેલની યાદી મેળવવા કયો આદેશ આપવામાં આવે છે. :– cat/etc/shells

૩૨ હાલના પૂર્વનિધારિત ચલની કિમંત કયા ચલમાં સાચવવામાં આવે છે. :– SHELL

૩૩ લિનક્ષ ચાલક પદ્ધતિમાં કોઈપણ ચલની કિમંત દર્શાવવા કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– echo

૩૪ અગાઉના શેલમાં જવા અથવા પૂર્વનિર્ધારિત શેલમાં જવા હાલના કમાન્ડ પ્રોમ્પ્ટ પર કયો આદેશ આપશો? :– exit અથવા ctrl + d

૩૫ લિનક્ષ આદેશની વાકયરચના કેવી છે. :– એકરૂપ

૩૬ લિનક્ષ આદેશની વાકય રચના કેટલા ભાગમાં હોય છે. :– ત્રણ

૩૭ લિનક્ષ આદેશની વાકય રચના કયા ત્રણ ભાગમાં હોય છે :– નામ , વિકલ્પો અને આર્ગ્યુમેન્ટ

૩૮ આદેશના વર્તનમાં ફેરફાર થાય તેવા શૂન્ય કે વધુ નિર્દેશોની શરૂઆત કયા ચિન્હ સાથે થાય છે. :– હાયફન(–)

૩૯ આદેશના વર્તનમાં ફેરફાર કરે તેવા શુન્ય કે તેથી વધુ વિકલ્પો કેટલા અક્ષરના હોય છે.:– એક અક્ષર

૪૦ આદેશને તેનું કાર્ય પાર પાડવા માટે આપવામાં આવતી શુન્ય કે તેથી વધુ માહિતીના એકમોને શું કહે છે. :– આર્ગ્યુમેન્ટ

૪૧ આદેશના અમુક અક્ષરો ટાઈપ કર્યા પછી કઈ કી દબાવવાથી શેલ આપમેળે બાકીની વિગપો પુરી પાડે છે. :– tab

૪૨ લિનક્ષમાં ત્વરીત મદદ(online help) મેળવવા કયો આદેશ આપવામાં આવે છે. :– man

૪૩ man એ કોનું ટુકું નામ છે . :–manual

૪૪ cat આદેશ વિશે મદદ મેળવવા શું ટાઈપ કરવામાં આવશે. :– man cat

૪૫ man cat આદેશમાં man શું છે અને એ cat શું છે. :– man આદેશ અને cat આર્ગ્યુમેન્ટ

૪૬ સ્કિન પર જોવા મળતી ઓનલાઈન હેલ્પમાં આગળનું પાનું જોવા કઈ કી દબાવશો ? :– f

૪૭ સ્કિન પર જોવા મળતી ઓનલાઈન હેલ્પમાં પાછળનું પાનું જોવા કઈ કી દબાવશો ? :– b

૪૮ આદેશ દ્વારા દર્શાવવામાં આવતી માહિતીઓના પાનાંમાંથી બહાર નિકળવા શું કરશો ?

૪૯ ચોક્કસ મહીનાનું અથવા આખા વર્ષનું કેલેન્ડર દર્શાવવા માટેનો આદેશ કયો છે. :– cal

૫૦ ચાલુ માસનું કેલેન્ડર દર્શાવવા કયો આદેશ આપવામાં આવે છે. :– $ cal 01 2011

૫૧ વર્ષ 2011 નું કેલેન્ડર નિહાળવા માટે કયો આદેશ આપવામાં આવશે ? :– $ cal 2011

૫૨ કોઈપણ આદેશ આપ્યા પછી સ્કિન પર માહિતી એક એક પાનાં માં દર્શાવાય તે માટે દરેક આદેશ સાથે બીજો કયો આદેશ આપવામાં આવશે. :– more

૫૩ $cal 2011 આપવાથી આખા વર્ષનું કેલેન્ડર સ્કિન પર ઝડપથી પસાર થઈ જશે, અને આગળના મહીના જોઈ નહી શકાય માટે એક એક પાનું દર્શાવાય તે માટે કયો આદે શ આપવામાં આવશે. :– $ cal 2011 | more

૫૪ બે આદેશ વચ્ચે કયા ચિન્હનો ઉપયોગ કરવામાં આવે છે. :– pipe |

૫૫ હાલની તારીખ નિહાળવા માટે કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ date + "%d"

૫૬ હાલની તારીખ અને મહિનો દર્શાવવા કયો આદે શ આપવામાં આવે છે. :– $ date + "%d %m"

૫૭ કયા આદેશની મદદથી તારીખ અને સમય બંને એકસાથે દર્શાવાય છે. :– $ date

૫૮ નીચેનામાંથી કયો આદેશ કયારે આપવામાં આવશે.

- સિસ્ટમ(કમ્પ્યુટર)માં મિનિટ જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%M"
- સિસ્ટમ(કમ્પ્યુટર)માં કલાક જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%H"
- સિસ્ટમ(કમ્પ્યુટર)માં સેકન્ડ જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%S"
- સિસ્ટમ(કમ્પ્યુટર)માં વર્ષનો મહીનો જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%m"
- સિસ્ટમ(કમ્પ્યુટર)માં mm/dd/yyસ્વરૂપની તારીખ માટે જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%D"
- સિસ્ટમ(કમ્પ્યુટર)માં hh:mm:ss સ્વરૂપના સમય માટે જોવા કયો આદેશ આપવામાં આવશે. :– $ date + "%T"

૫૮ date આદેશમાં દરેક સ્વરૂપની આગળ કયુ ચિન્હ મુકવામાં આવે છે. :– +

૫૯ આદેશમાં ચિન્હ પછી અવતરણ ચિન્હમાં કયા ચિનહ નો ઉપયોગ કરી વિવિધ સ્વરૂપ માટેનો અક્ષર ટાઈપ કરવામાં આવે છે. :– %

૬૧ સાદા ગાણિતિક વિધેયોની ગણતરી ઉપરાંત જુદી જુદી સંખ્યા પદ્ધતિની સંખ્યાઓની ગણતરી માટેનો આદેશ કયો છે. :– bc

૬૨ bc આદેશ શું દર્શાવે છે. :– કમાન્ડ લાઈન કેલ્કયુલેટર

૬૩ bc-1 આદેશનું કાર્ય જણાવો. :– standard math library લઈ આવવાનું

૬૪ કમાન્ડ લાઈન કેલ્કયુલેટરમાં કયા વિધેયો ઉપલબ્ધ છે. :– સરવાળા, બાદબાકી, ભાગાકાર, શેષ, ઘાતાંક, ગણવા માટેના વિધેયો ઉપલબ્ધ છે.

૬૫ કમાન્ડ લાઈન કેલ્કયુલેટરમાં નિવેશ કાર્ય માટે સંખ્યા પદ્ધતિનો ઉપયોગ કરવા કયું વિધેય ઉપયોગી થાય છે. :– ibase

૬૬ કમાન્ડ લાઈન કેલ્કયુલેટરમાં નિર્ગમ કાર્ય માટે સંખ્યા પદ્ધતિનો કરવા કયું વિધેય ઉપયોગી થાય ? :– obase

૬૭ 100 નું પ્રાકૃતિક લોગોરિધમ શોધવા કયો આદેશ આપવામાં આવે છે. :– l(100)

૬૮ દશાંશ સંખ્યા પદ્ધતિમાંથી સોળઅંકી પદ્ધતિમાં સંખ્યાને રૂપાંતરીત કરવા સૌ પ્રથમ શું ગોઠવવામાં આવે છે. :– obase = 16

૬૯ દ્વિઅંકી સંખ્યા પદ્ધતિમાંથી દશાંશ પદ્ધતિમાં સંખ્યાને રૂપાંતરીત કરવા શું ગોઠવવામાં આવે છે.:– obase= 2

૭૦ નિવેશ કાર્ય માટે કોઈ સંખ્યા પદ્ધતિનો ઉપયોગ કરવો હોયતો તે ગોઠવવા કયા વિધેયનો ઉપયોગ કરવામાં આવે છે. :– ibase

નિર્ગમ માટે કઈ સંખ્યા પદ્ધતિ રાખવી તે ગોઠવવા કયા વિધેયનો ઉપયોગ કરવામાં આવે છે. :– obase

૭૦ math લાઈબ્રેરીમાં કયા વિધેયનો ઉપયોગ કરીને કોઈપણ સંખ્યાનું વર્ગમૂળ શોધી શકાય છે. :– sqrt

૭૧ 40 નું વર્ગમૂળ શોધવા કયો આદેશ આપવામાં આવશે.:– $ sqrt (40)

૭૧ ગ્રાફિકલ કેલ્કયુલેટરની સામે કેલ્કયુલેટરમાં કઈ ક્ષમતાઓ રહેલી છે. :– ઝડપ, અનુકુલનતા અને ગાણિતિક ક્રિયાઓકરવા

૭૨ કમાન્ડ પ્રોમ્પ્ટ પર પાછા ફરવા માટે કઈ કી નો ઉપયોગ કરવામાં આવે છે. :– Ctrl + d

૭૩ ટર્મિનલ પર કોઈપણ સંદેશો દર્શાવવા માટે કયો આદેશ આપવામાં આવે છે. :– $ echo

૭૪ ચલ કિમંતો દર્શાવવા કયો આદેશ આપવામાં આવે છે. :– $ echo

૭૫ echo આદેશનો ઉપયોગ શેના માટે કરવામા અવે છે. :–ટર્મિનલ પર સંદેશો દર્શાવવા, માહિતી સાથે ચલની કિમંતો દર્શાવવા માટે અને આદેશના નિર્ગમને અર્થપૂર્ણ રીતે દર્શાવવા માટે કરવા માટે થાય છે.

૭૬ કયા આદેશની મદદદથી હાલના લોગીન એકાઉન્ટનો પાસવર્ડ ઉપયોગમાં લેવાય છે. :– $ passwd

૭૮ કમ્પ્યુટર પર હાલની પરિસ્થિતએ લોગીન થયેલા ઉપયોગકર્તાઓની યાદી અને માહિતી નિહાળવા કયા આદેશનો ઉપયોગ થાય છે. :– $ who

૭૯ પોતાના વિશેની જાણકારી મેળવવા who ની સાથે, આર્ગ્યુમેન્ટ તરીકે am અને i ઉપયોગ કરવામાં આવે તો કમાન્ડ કઈ રીતે લખવામાં આવશે. :– $ who am i

૮૦ પોતાના વિશેની જાણકારી મેળવવાનો કમાન્ડ કઈ રીતે લખવામાં આવશે.:– $ who am i

૮૧ ફાઈલ પદ્ધતિ શેનો સમુહ છે. :– ફાઈલોનો

૮૨ લિનક્ષમાં વિવિધ પ્રકારની ફાઈલ અને ડિરેકટરી કોણ ધરાવે છે. :–ડિરેકટરી

૮૩ કમ્પ્યુટરમાં લોગઓન થતા જ લિનક્ષ આપમેળે કઈ ડિરેકટરી બનાવે છે.:–હોમ ડિરેકટરી

૮૪ હોમ ટિરેકટરી કોણ બનાવે છે. :– ચાલક પદ્ધતિ

૮૫ જો લોગીન નામ student તરીકે લોગીન થઈ એ તો તે વખતે હોમ ડિરેકટરી કઈ હશે. :– /home/student

૮૬ લોગઓન સમય ની ડિફોલ્ટ કામકાજની ડિરેકટરી કયા ચલમાં સાચવવામાં આવશે. :– Home

૮૭ હોમ ડિરેકટરી જોવા કયો આદેશ આપવામાં આવશે. :– echo $ HOME

૮૮ સંપૂર્ણ પાથનામમાં કયા ચિન્હથી ડિરેકટરીઓને છુટી પાડવામાં આવે છે. :– /

૮૯ સંપૂર્ણપાથનામ માં ટોચના સ્થાને કોણ હોય છે. :– root

૯૦ સંપૂર્ણપાથનામ માં પ્રથમ શ્લેષ(/) કોનું પર્યાય છે. :– root

૯૧ સંપૂર્ણપાથ નામમાં પ્રથમ શ્લેષ(/) સિવાયના બાકીના શ્લેષ કયા ચિન્હ તરીકે કાર્ય કરે છે.:–ડેલમિટર

૯૨ હાલની કામકાજની ડિરેકટરી જાણવા કયો આદેશ આપવામાં આવે છે. :– pwd

૯૩ લિનક્ષમાં કયા આદેશનો ઉપયોગ કરીને ડિરેકટરી બનાવી શકાય છે. :– mkdir

૯૪ cities નામની ડિરેકટરી બનાવવા કયો આદેશ આપવામાં આવશે. :– $ mkdir cities

૯૫ એક કરતા વધારે ડિરેકટરી એક સાથે બનાવવા કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– mkdir

૯૬ cities, taluka, villages નામની ત્રણ પેટા ડિરેકટરી બનાવવા કયો આદેશ આપવામાં આવશે. :– $mkdir cities taluka villages

૯૭ ડિરેકટરીની અંદર ડિરેકટરી બનાવવા કયો આદેશ આપાવમાં આવે છે. :–

૯૮ પિતૃ ડિરેકટરી માટે કયું ચિન્હ વપરાય છે. :– ..

૯૯ cd આદેશ અને બે ટપકા વચ્ચે કેટલી જગ્યા હોવી જરૂરી છે. :– એક ખાલી જગ્યા

૧૦૦ cat આદેશનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે. :– ટર્મિનલ પર નાની ફાઈલોની માહિતી દર્શાવવા,ફાઈલ બનાવવા, બે ફાઈલોને જોડવા, ફાઈલના છેડે નવું લખાણ ઉમેરવા

૧૦૧ Muhammed નામની ફાઈલ બનાવવા કયો આદેશ આપશો ? :– cat > Muhammed

૧૦૨ લિનક્ષાં ફાઈલનો અંત દર્શાવવા કયો કમાન્ડ વપરાય છે. :– Ctrl + d

૧૦૩ કયું ચિન્હ લક્ષ્ય ફેર પ્રકિયક(redirection operator) છે. :– >

૧૦૪ લક્ષ્યફેર પ્રક્રિયકનું કાર્ય કયું છે. :– લખાણને ફાઈલમાં મોકલવા સુચના આપે છે.

૧૦૫ લિનક્ષમાં ફાઈલનું નામ વધુમાં વધુ કેટલા અક્ષરોનું હોઈ શકે ?:– 255

૧૦૬ લિનક્ષમાં ફાઈલનું નામ કયા બે અક્ષરો સિવાય કોઈ પણ અક્ષર રાખી શકે. :– બેક શ્લેષ (/) અને NULL

૧૦૭ લિનક્ષમાં કયા ફાઈલ નામ માન્ય છે. :– .file1, file2. , ^file^-++, -{}(), test#$, ab.cd.ef

૧૦૮ લિનક્ષ ફાઈલ નામમાં કયા અક્ષરોની ભલામણ કરવામાં આવે છે. :–અંગેજી મૂળાક્ષરો(A To Z), અંકો (1 To 9) પૂર્ણવિરામ(.), હાયફન(–), અન્ડરસ્કોર(_)

૧૦૯ લિનક્ષ સંપૂર્ણ પણે કેવી ચાલક પદ્ધતિ છે. :– કેસ સેન્સિટિવ

૧૧૦ લિનક્ષમાં ફાઈલનું એક્ષ્ટેન્શન આપવું કેવું છે. :– ફરજિયાત નથી

૧૧૧ C પ્રોગ્રામની પાછળ કયા એક્ષ્ટેન્શનની અપેક્ષા રાખવામાં આવે છે. :– .c

૧૧૨ લિનક્ષમાં ઓરેકલ ફાઈલનું એક્ષ્ટેન્શન શું હોય છે. :– .sql

૧૧૩ શેલ સ્ક્રિપ્ટ ફાઈલ બનાવતી વખતે તેના નામની સાથે કયું એક્ષ્ટેન્શન આપવામાં આવે છે. :– .sh

૧૧૪ Aasiya નામની ફાઈલમાં વધુ લખાણ ઉમેરવા તથા ફાઈલમાં રહેલી માહિતી જોવા કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– cat>>Aasiya

૧૧૫ આદેશની પાછળ કયું ચિન્હ મુકી ફાઇલનું નામ ટાઇપ કરવામાં આવે છે. :– >>

૧૧૬ કયું ચિન્હ ' એપેન્ડ આઉટપુટ રીડાયરેકશન' તરીકે ઓળખાય છે. :– >>

૧૧૭ બનાવેલ ફાઈલમાં વધુ લખાણ ઉમેરવું હોય તો કયું ચિન્હ ઉપયોગી છે. :– >>

૧૧૮ એક કરતા વધુ ફાઈલોના લખાણને ભેગું કરી અન્ય ફાઈલમાં સાચવવવા કયા આદેશ નો ઉપયોગ કરવામાં આવે છે. :– cat

૧૧૯ test1 અનેtest2 ફાઈલોની વિગતો ભેગી કરીને newlife નામમાં મુકવા માટે કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– cat test1 test2>newlife

૧૨૦ cat test1 test2>newlife આદેશમાં newlifeમાં પડેલ લખાણ જળવાઈ રહે અને તે લખાણની પાછળ test1 અને પછી test2 નું લખાણ જોડાઈ જાય તેવુ કરવા >ચિન્હના બદલે કયા ચિનહનો ઉપયોગ કરવામાં આવે છે. :– >>

૧૨૧ આપણા દ્વારા તૈયાર કરેલ ફાઈલો અને ડિરેકટરીઓની યાદી મેળવવા માટેનો આદેશ કયો છે ? :– ls

૧૨૨ કયા ચિન્હથી શરૂ થતી ફાઈલના નામ વાળી કોઈ પણ ફાઈલને લિનક્ષ સંતાડાયેલ ફાઈલ ગણે છે. :– . ( પૂર્ણ વિરામ )

૧૨૩ હાલની ડિરેકટરી માં પડેલી સંતાડાયેલ ફાઈલની યાદી મેળવવા કયો આદેશ આપવામાં આવે છે. :– $ ls -a

૧૨૪ $ ls –a માં a નો અર્થ શુ છે. :એટલે કે બધી all

૧૨૫ જયારે કોઈપણ ડિરેકટરી બનાવવામાં આવે છે ત્યારે કઈ ડિરેકટરી આપમેળે બની જાય છે. :– . અને ..

૧૨૬ ડિરેકટરી સાથે સબ ડિરેકટરીનું લિસ્ટ સાથે મેળવવા માટેનો આદેશ કયો છે. :– $ ls -r

૧૨૭ ફાઈલ અને ડિરેકટરીઓનું લિસ્ટ એક કરતા વધુ ઉભી હરોળમાં દર્શાવવા કયો આદેશ છે. :– $ ls -x

૧૨૮ લિનક્ષમાં પ્રકાર દર્શક ચિન્હો કયા છે. :– *

૧૨૯ કયું ચિન્હ એવું દર્શાવે છે કે ફાઈલમાં કમ્પ્યુરટર દ્વારા અમલમાં મુકી શકાય તેવી સુચનાઓ પડી છે. :– * અને /

૧૩૦ સામાન્ય રીતે વાઈલ્ડ કાર્ડ માટે કયા ચિન્હનો ઉપયોગ કરવામાં આવે છે. :– * અને ?

૧૩૧ જે ફાઈલનો પ્રથમ અક્ષર p હોય તેવી તમામ ફાઈલો દર્શાવવા કયા આદેશનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls p*

૧૩૨ જે ફાઈલનો છેલ્લો અક્ષર y હોય તેવી તમામ ફાઈલો દર્શાવવા કયા આદેશ નો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls *y

૧૩૩ જે ફાઈલના નામનો પ્રથમ અક્ષર m અને છેલ્લો અક્ષર t હોય તેવી તમામ ફાઈલો દર્શાવવા કયા કમાન્ડ નો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls m*t

૧૩૪ માત્ર બે જ અક્ષર ધરાવતી અને તે પણ ગમે તે હોય તવી તમામ ફાઈલોની યાદી મેળવવા કયા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls ??

૧૩૫ પ્રથમ અક્ષર કોઈ પણ હોય પરંતું છેલ્લા બે અક્ષર ap હોય તેવી ત્રણ અક્ષરોની ફાઈલોનું લિસ્ટ મેળવવા કયા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls ?ap

૧૩૬ જે ફાઈલોના નામ કોઈ સ્વર(vowel)થી શરૂ થતા હોય તેવી તમામ ફાઈલો દર્શાવવા કયા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls [aeiou]*

૧૩૭ જે ફાઈલોના નામ કોઈ વ્યંજન(ovowel) થી શરૂ થતા હોય તેવી તમામ ફાઈલોની યાદી દર્શાવવા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls [!aeiou]*

૧૩૮ જે ફાઈલોના નામનો પ્રથમ અક્ષર m થી s સુધીના કોઈ પણ અક્ષરથી શરૂ થતો હોય તેવી તમામ ફાઈલો દર્શાવવા કયા કમાન્ડનો ઉપયોગ કરવામાં આવે છે. :– $ ls [m-s]*

૧૩૯ જે ફાઈલોના નામનો પ્રથમ અક્ષર m થી s સિવાય ના કોઈ પણ અક્ષર થી શરૂ થતો હોય તેવી તમામ ફાઈલોની યાદી મેળવવા કયા કમાન્ડ નો ઉપયોગ કરવામાં આવશે. :– $ ls [!m-s]*